Volume 2, Issue 10
January
2025

# ટપક E-MAGAZINE

૨૯ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## ૧૫ અને ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અતુલકુમાર સાથે સંસ્થાના વિઝન મિશન અંગે મીટીંગ યોજાઈ.













ટપક E-MAGAZINE
Volume 2, Issue 10
January 2025

## તાલીમ અને શિક્ષણ

**૩જી જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ લર્નિંગ એન માઈગ્રેશન પ્રોગ્રામ હેઠળ સરકારી શાળાના શિક્ષકોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.**



ટપક E-MAGAZINE

Volume 2, Issue 10

January 2025

કોટનકનેક્ટ ફાર્મર્સ કોમ્યુનીટી ફાઉન્ડેશનના સહયોગથી સંસ્થા વ્યાવસાયિક તાલીમ સેન્ટર ચલાવી રહી છે જેમાં ટીંબી, ધોકડવા, ચિતલ, વાંડળીયા, વલારડી અને નાના માચિયાળા ગામે બ્યુટી પાર્લરના વર્ગો ચાલી રહ્યા છે, જેમાં ૨૦૮ મહિલાઓ તાલીમ લઈ રહ્યા છે. સાથે સાથે સણોસરી અને લાઠી ગામે સીવણ વર્ગો ચાલી રહ્યા છે જેમાં ૧૧૦ બહેનો તાલીમ લઈ રહ્યા છે.



















## તા. ૩૦/૦૧/૨૦૨૫ ના રોજ ખાંભા, ટીંબી અને ધોકડવા ગામે ચાલતા વ્યાવસાયિક શિક્ષણ કેન્દ્રના તાલીમાર્થી બહેનોને જન શિક્ષણ સંસ્થાન – દીવ મુકામે પ્રેરણા પ્રવાસ માટે લઈ જવામાં આવ્યા.

















ટપક E-MAGAZINE
Volume 2, Issue 10
January 2025

## સંસ્થાના કાર્ય વિસ્તારના ગામોમાં ૭૬માં પ્રજાસતાક દિવસ પર્વની ઉજવણી કરવામાં આવી જેમાં સંસ્થાના કાર્યકરો હાજર રહ્યા હતા.









## ૦૮ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ બાગાયત વિભાગ સાથે જોડાણ કરી લાઠી ગામે આસપાસના વિસ્તારના ગામોના ૧૦૪ મહિલાઓને બાગાયત અંગે મહિલા વૃતીકા યોજના તાલીમ આપવામાં આવી.







Share your review



www.sskkamreli.org
info@sskkamreli.org

## ઈ વિદ્યાલોક સાથે તેમના ડીજીટલ શિક્ષણ કાર્યક્રમને સમજવા એક ઓનલાઈન મીટીંગનું તા. ૮ જાન્યુઆરી ના રોજ આયોજન થયું.




## ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અમરેલી અને ગીર સોમનાથ જીલ્લા કક્ષાની મંથલી રીવ્યુ અને પ્લાનિંગ મીટીંગ સંસ્થાની હેડ ઓફીસ ખાતે યોજવામાં આવી.






## આરોગ્ય અને પર્યાવરણ

**તા. ૨૨/૦૧/૨૦૨૫ ના રોજ ચિતલ અને ૨૪/૦૧/૨૦૨૫ ના રોજ લાઠી ખાતે મહિલા સર્વ રોગ નિદાન કેમ્પ આયોજિત કરવામાં આવ્યા. જેમાં કુલ ૧૬૧ લાભાર્થીઓએ ભાગ લીધો.**













**૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ લાઠી ઓફિસ પર પૂનમબેન દ્વારા મહિલા યોગ શિબિરની ઉજવણી કરવામાં આવી. જેમાં તાલીમ વર્ગના ૨૮ બહેનો જોડાયા હતા.**










**ભાડ ગામ પાસેના ‘લાપાળા’ ટેકરી ખાતે ભાડ પ્રાથમિક શાળાના બાળકોના પ્રકૃતિ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ ડુંગર ઉપર ફૂલછોડની રોપણી કરી હતી. જગદીશભાઈએ વૃક્ષારોપણ અને તેના ફાયદા માટે માર્ગદર્શન આપ્યું હતું. બેચરભાઈએ બાળકોને તેમના મુખ્ય અધિકાર, ILO સંમેલન અને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ વિશે માહિતી આપી.**





ટપક E-MAGAZINE

Volume 2, Issue 10

January 2025

## કૃષિ ઉત્પાદકતા અને આપત્તિજન્ય જોખમો

### લીડ ફાર્મર્સના ક્ષમતાવર્ધન માટે તા. ૩ જાન્યુઆરી ના રોજ ભાડ વાંકિયા ગામે તેમજ તા. ૪ અને ૭ જાન્યુઆરીના રોજ અમરેલી ઓફીસ ખાતે તાલીમ કાર્યક્રમો કરવામાં આવ્યા.



## તા. ૨૯ અને ૩૦ જાન્યુઆરી ૨૦૨૫ બે દિવસ આત્મા પ્રોજેક્ટના સહયોગથી કાર્ય વિસ્તારના ૩૮ ખેડૂતોને કચ્છ જીલ્લામાં થતી પ્રાકૃતિક ખેતીના નિદર્શન માટે લઈ જવામાં આવ્યા.



















**તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ વિદ્યાર્થીઓને પ્રાકૃતિક કૃષિ વિશે શીખવા, સમજવા અને જીવનમાં અપનાવવા પ્રોત્સાહિત કરવા માટે ગળકોટડી ગામના પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના કુલ ૭૮ વિદ્યાર્થીઓ, શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોને બકુલભાઈની વાડીએ નેચરલ ઇનપુટ સેન્ટરની મુલાકાત માટે લઈ જવાયા હતા.**






**આ ઉપરાંત જાન્યુઆરી મહિના દરમિયાન આયોજન પ્રમાણેની પ્રવૃતિઓ જેવીકે મજુરની તાલીમ, બાયો ઇનપુટ સેન્ટરની મુલાકાત, ટીમ ક્ષમતાવર્ધન, અઠવાડિક મીટીંગ, માટી પરીક્ષણ, બાળ મજુરી અંગે જાગૃતિ ફેલાવવામાં આવી.**






















**ગોંડલ વિસ્તારના પાટીદડ અને દેરડી ગામે ડિજિટલ આઉટરીચ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ટીમના સભ્યોએ યુટ્યુબ અને અન્ય સામાજિક પ્લેટફોર્મ દ્વારા કૃષિ પદ્ધતિઓ અને સરકારના વિવિધ ઈ પોર્ટલ વિશે માહિતી પૂરી પાડી હતી.**





**ગોંડલ વિસ્તારમાં પોષણ પહેલને પ્રોત્સાહન આપવા માટે ૧૩ ગામોમાં ૯૦ ખેડૂતોને બાયો ફોર્ટિફાઈડ મગનાં નિદર્શનની સહાય અને ૨૦૯ RNG કિટ સહાય પૂરી પાડવામાં આવી. આ ઉપરાંત સંસ્થાએ ૩૯૯ ખેડૂતોને રવિ પાક માટે એનપીકે પાણીમાં દ્રાવ્ય ખાતર અને ફૂગનાશકનો ટેકો પુરો પાડ્યો.**








**એફપીઓ માટે નેટવર્ક મીટિંગનું આયોજન તા. ૦૮/૦૧/૨૦૨૫ના રોજ ગોંડલ ખાતે કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ૬૯ ખેડૂતોએ ભાગ લીધો હતો.**





ટપક E-MAGAZINE
Volume 2, Issue 10
January 2025

## પ્રોજેક્ટ વિસ્તારના ગામોમાં હિતધારકોની તાલીમ, પોષણ તાલીમ અને આજીવિકા તાલીમ આપવામાં આવી હતી.





## ૧૬ અને ૧૭ જાન્યુઆરીના રોજ, ટીમના સભ્યોએ અંબાજી ખાતે વોટરશેડ નિદર્શન, ડિઝાઇન અને માટી અને જળ સંરક્ષણના અંદાજ પર આયોજિત તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધો.





Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

Share your review



www.sskkamreli.org info@sskkamreli.org